સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 6 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52

Annual Subscription : ₹.300/- ❖ September-2019



## યુવાહૈયાઃ નવરાત્રીનું હૃદય

### ગરબોઃ લોકસંસ્કૃતિ અને લોકનૃત્યની પરંપરા

### પુસાર્લા વેંકટા સિંધુઃ વિશ્વ બેડમિંટનનો ભારતીય ચહેરો

# અનુક્રમણિકા

**પર્વ વિશેષ** • દિવ્યેશ વેકરિયા

**યુવાહૈયા : નવરાત્રીનું હૃદય**

નવરાત્રી એટલે ગીત-સંગીત અને નૃત્યનો તહેવાર. કોઈ ફેસ્ટિવલમાં સોંગ-મ્યુઝિક અને ડાન્સની હાજરી હોય એટલે સ્વાભાવિક રીતે જ યંગસ્ટર્સની પણ હાજરી હોવાની!

૨૨-૨૩




- **તંત્રી સ્થાનેથી...**
  વિક્રમનો સંપર્ક ભલે તૂટ્યો, સંકલ્પ જાળવીશું તો સિદ્ધિ મળશે જ... ૦૭
- **સંસ્થા સમાચાર**
  સત્ર પ્રારંભ સમારોહ યોજાયો, નવા છાત્રોને આવકાર અપાયો... ૦૮
  કુમાર છાત્રાલયના પટાંગણમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ / બાઈક રેલી યોજાઈ ૧૧
  છાત્રાલયમાં રક્ષાબંધન-સ્વાતંત્ર્ય દિનનું સંયુક્ત પર્વ વૃક્ષારોપણ દ્વારા ઉજવાયું ૧૨
  રાષ્ટ્રનાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારમણ કન્યા છાત્રાલયની ખાસ મુલાકાતે પધાર્યા ૧૩
  કુમાર છાત્રાલય ખાતે વિઘ્નહર્તા વિનાયકની મૂર્તિનું સ્થાપન કરાયું ૧૪
- **લગ્ન વિષયક** ૧૬-૧૭
- **પ્લેસ ઓફ યુનિટી**
  વિશ્વનાં ૧૦૦ સૌથી મહાન સ્થળોની 'ટાઇમ'ની યાદીમાં 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'નો સમાવેશ ૧૮-૧૯
- **દીર્ઘ દૃષ્ટા**
  સરદાર પટેલની સ્પષ્ટતા અને સુરક્ષિત રાષ્ટ્ર ૨૦-૨૧
- **પર્વ વિશેષ**
  યુવાહૈયા : નવરાત્રીનું હૃદય ૨૨-૨૩
- **પરંપરા**
  ગરબો: વર્ષોથી ચાલી આવતી લોકસંસ્કૃતિ અને લોકનૃત્યની પરંપરા ૨૭
- **જીવન સફર**
  ખેડૂત પુત્ર કે. સિવન: સંપર્ક ભલે તૂટ્યો, સંકલ્પ હજુ ય બુલંદ છે... ૩૦
- **સુવર્ણ સિદ્ધી**
  પુસાર્લા વેંકટા સિંધુ: વિશ્વ બેડમિંટનનો ભારતીય ચહેરો ૩૨
- **પલાયનવાદ**
  ભારતમાં ધનવાન બન્યા પછી કરોડપતિઓ વિદેશ કેમ જવા લાગે છે? ૩૫
- **સ્વાસ્થ્ય સલાહ**
  આધાશીશી અથવા માઈગ્રેન: માથાનો દુ:ખાવો થવાના કારણો અને ઉપાયો ૩૭
- **સફરનામા**
  ઈસરોના ૫૦ વર્ષ: પ્રસારણ ક્રાંતિની અનોખી કથા ૩૯
- **અહા! ચિંતન**
  નબળી આર્થિક સ્થિતિને તમારા મન પર હાવી થવા દેતા નહીં, નહીંતર... ૪૩
- **લાઈફ ફંડા**
  આઇ એમ ડિપ્રેસ્ડ... યે ડિપ્રેશન હૈ ક્યા? ૪૫
- **ટેક્નોલોજી**
  દુનિયાનો પ્રથમ ડિજિટલ કેમેરો ક્યારે અને કોણે વિકસાવ્યો હતો? ૪૮



# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા



Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- **શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ,** ગુલાબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- **બાપુનગર :** પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- **મણીનગર :** પટેલ સમાજની વાડી.

### અમરેલી

- **શ્રી દિપક ધાનાણી** - બાલમુકુંદન મોબાઈલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો.૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- **શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ** ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- **શ્રી કિશન કોશિયા** - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો.૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- **શ્રી શંભુભાઈ મુળજીભાઈ કરકર** ૯, અયોધ્યાનગર-૧, 'કર્મ', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ.વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો.૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888,** મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.
અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**
**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# વિક્રમનો સંપર્ક ભલે તૂટ્યો, સંકલ્પ જાળવીશું તો સિદ્ધિ મળશે જ...

ભારત ભવિષ્યમાં ચંદ્ર પર ડગ માંડી શકે તેવા પ્રયાસ હેતુ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ પોતાના અથાક પ્રયત્નો પછી ચંદ્રયાન-૨ને ચંદ્રની સફરે મોકલ્યુ હતું, જોકે ચંદ્રયાનમાંથી છુટા પડેલા લેન્ડર વિક્રમનો ચંદ્રની અંધારી સપાટી પર પગ મુકતા પહેલાં જ ઈસરો સાથેનો સંપર્ક તુટી ગયો હતો. આ ઘટનાથી ઈસરોની સાથે સાથે હજ્જારો ભારતીયો ચોક્કસ માયુસ થઈ ગયા છે. ઈસરો અધ્યક્ષે તો ભાવુકતામાં પ્રધાનમંત્રીનાં ખભે મન મુકીને રડી પણ લીધું. જોકે, દરેક ભારતવાસી આ ઘડીએ નિરાશા પામ્યા વગર ઈસરોને સધિયારો આપી રહ્યો છે કે, સંપર્ક ભલે તૂટ્યો હોય, સંકલ્પ તુટે નહીં એમ પ્રયાસમાં લાગેલા રહેજો, સફળતા ચોક્કસ મળશે જ.

ચંદ્રયાને ભલે હાલ પૂરતી સફળતા ન અપાવી હોય, પરંતુ વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન 'ટાઈમ'ની વિશ્વનાં ૧૦૦ સૌથી મહાન સ્થળોની યાદીમાં સ્થાન મેળવીને અખંડ ભારતનાં શિલ્પી સરદાર પટેલનું અભૂતપૂર્વ સ્મારક એવું 'સ્ટેચ્યુ ઓફ યુનિટી ' હવે એકતાનું સ્થળ એટલે કે 'પ્લેસ ઓફ યુનિટી' બની ગયું છે, જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. એટલું જ નહીં,

દરેક ભારતીયોનું મસ્તક ગર્વથી ઉંચુ થઈ શકે તેવી સિદ્ધિ બેંડમિંગ્ટન સ્ટાર પી. વી. સિંધુએ પણ અપાવી છે. વૈશ્વિક બેડમિંટનમાં ઓલિમ્પિકથી માંડીને વર્લ્ડ ચેમ્પિયનશીપ અને એશિયન ગેમ્સની ફાઈનલમાં પ્રવેશીને થોડા માટે સુવર્ણ સિદ્ધિથી વંચિત રહી ગયેલી પી. વી. સિંધુએ આખરે સ્વિત્ઝર્લેન્ડમાં વિશ્વવિજેતાનો તાજ ધારણ કરીને સાબિત કરી દીધું કે, બે-ચાર નિષ્ફળતા છતાં જો સતત પ્રયાસ જારી રાખવામાં આવે તો ચોક્કસપણે ધાર્યા પરીણામ અવશ્ય મળે છે. બસ આજ રીતે ઈસરો પર પોતાના પ્રયત્ન જારી રાખીને ભવિષ્યમાં ભારતનું મસ્તક ગૌરવથી ઉન્નત કરાવી શકે તેવી અપેક્ષા રાખીએ...




માતાજીની આરાધનાનાં પર્વ નવરાત્રીની ગુંજ સંભળાઈ રહી છે. નવરાત્રી સામાન્યતઃ તમામ વયના લોકોનો સામુહિક ઉત્સવ છે. જોકે હવે, યુવા પેઢી નવરાત્રીના કેન્દ્રબિંદુ સમાન બની છે. વર્તમાન સમયે નવરાત્રીએ પ્રોફેશનલ રંગ-રૂપ ધારણ કર્યા છે, ત્યારે આપણે ફેશનનીસાથે સાથે પરંપરા પણ જળવાઈ રહે તેવી રીતે પર્વની ઉજવણી કરવી જોઈએ. આ પર્વમાં નવી ફેશન પ્રમાણેનાં ગીત-સંગીત મુજબ માતાજીની આરાધના કરવા સાથે પ્રાચીન-અર્વાચિન ગરબાનું માહાત્મ્ય પણ એટલું જ જળવાઈ રહે તેવા પ્રયાસો પણ કરતાં રહીએ એજ અભ્યર્થના. માતાજી સૌ કામમાં સફળતા બક્ષે એવી પ્રાર્થના...

જયહિંદ

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ દ્વારા
# સત્ર પ્રારંભ સમારોહ યોજાયો, નવા છાત્રોને આવકાર અપાયો...




શ્રી સૌરાષ્ટ્ર પટેલ છાત્રાલય એલ્યુમનાઈ એસોસિએશન દ્વારા શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલય ખાતે તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ સત્ર પ્રારંભ અને શૈક્ષણિક પ્રેરણા શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિરમાં ૧૯૫૯ થી ૨૦૧૨ સુધીનાં વર્ષો દરમિયાન છાત્રાલયમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરીને વિવિધ ધંધા, રોજગાર, વ્યવસાય અને ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરતા કે નિવૃત્ત થયેલા ૨૫ થી ૭૯ વય જૂથનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજ અગ્રણીઓ તેમજ શહેરનાં વિવિધ ઘટકોનાં તેમજ ગાંધીનગર સમાજનાં હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એસોસિએશનનાં ટ્રસ્ટી શ્રી વિનુભાઈ દેવાણી તથા ટ્રસ્ટી શ્રી અને મંત્રીશ્રી જયરામભાઈ કોટડિયાએ આગવી શૈલીમાં કુશળતાપૂર્વક કર્યું હતું.

આ કાર્યક્રમમાં છાત્રાલયનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં જેઓએ સમયાંતરે મહેનત, ખંત, જાત મહેનતથી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરીને સમાજનું ગૌરવ વધાર્યું હોય અને સમાજમાં સર્જનાત્મક, સામાજિક અને શૈક્ષણિક ઉત્થાન માટે આગવું પ્રદાન કર્યું હોય તેઓને સન્માનિત કરવાનો એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત શ્રી રવજીભાઈ પી. વસાણી, શ્રી બાબુભાઈ એન. ભગત અને શ્રી પોપટલાલ પી. કાનાણીને પુષ્પગુચ્છ, મોમેન્ટો અને પુસ્તક આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. સાથે જ ભૂતપૂર્વ એસોસિએશનનાં સૌથી વયસ્ક એવા શ્રી મધુભાઈ ગેડિયા (ઉ.વ.૭૮), શ્રી ચીનુભાઈ કાથરોટિયા (ઉ.વ.૭૭) તથા શ્રી શંભુભાઈ કોલડિયા (ઉ.વ.૭૬)ને પણ પુષ્પગુચ્છ, મોમેન્ટો અને પુસ્તકથી સન્માનીત કરીને વડીલ વંદના અદા કરવામાં આવી હતી.

કન્યા છાત્રાલય ખાતે સવારનાં સત્રની શરૂઆત વિદ્યાર્થીનીઓએ રજુ કરેલા પ્રભુ પ્રાર્થના અને મુખ્ય મહેમાન તથા અન્ય મહાનુભાવોએ દીપ પ્રજ્વલન કરીને કરવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એસોસિએશનનાં સ્થાપક ટ્રસ્ટી શ્રી અને પ્રમુખ શ્રી પરસોત્તમભાઈ ગેવરિયાએ સ્વાગત પ્રવચન કરીને સૌને અંતરનાં ભાવથી આવકારીને એસોસિએશનનો પરિચય આપ્યો હતો. એસોસિએશનનાં ટ્રસ્ટી શ્રી ભાદાભાઈ લક્કડે આમંત્રિત મુખ્ય મહેમાનશ્રીઓ, મુખ્ય વક્તાશ્રી, વિશિષ્ઠ સન્માન મેળવનાર અને વરિષ્ઠ સભ્યશ્રીઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનાં મુખ્ય વક્તા શ્રી દીપકભાઈ મકવાણા, બીઝનેસ અને કોર્પોરેટ ટ્રેનર તેમજ સફળ કારકીર્દી માટેના માર્ગદર્શક તથા સર્જક તથા મુખ્ય અતિથિ સુશ્રી કુ. તમન્ના ઝાલોડિયા, ડે. કલેક્ટર, ગાંધીનગરને પુષ્પગુચ્છ, મોમેન્ટો અને પુસ્તકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાએ સંસ્થાનો પરિચય આપીને વિકાસની માહિતી આપતા જણાવ્યું કે, કોઈપણ





જાતનાં અનુદાન વગર કેળવણી મંડળનો વહિવટ ચલાવવામાં આવે છે. પરંતુ સમયની માંગને ધ્યાને લઈને એક વધારાનાં છાત્રાલયની જરૂર હોઈ તે માટે જમીન સંપાદન કરવામાં આવી છે અને તેના બાંધકામ માટે સહયોગની અપીલ કરી હતી.

મુખ્ય અતિથિ સુશ્રી તમન્નાબહેને વિદ્યાર્થીનીઓને મનનીય માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. પોતાના સ્વાનુભવ પરથી તેમણે સૂચવ્યું કે, કોઈપણ સંજોગોમાં નાસીપાસ થયા વગર સતત પરિશ્રમ કરતાં રહેવાથી ચોક્કસ લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે. હંમેશા હકારાત્મક ભાવથી દરેક જવાબદારીઓ પૂર્ણક્ષમતા સાથે નિભાવવાથી બોઝ નહીં લાગે, પણ આનંદની અનુભૂતિ થશે. થાક કે કંટાળો નહીં આવે. તમારામાં અખૂટ શક્તિ પડેલી છે, તેને પારખીને યોગ્ય ઉપયોગ કરો. કોઈની દોરવણીથી દોરાઈને કોઈ કાર્ય ન કરો કે કોઈ નિર્ણય ન લો, હિમ્મતથી આગળ વધો તેવું દિશાસૂચન તેણીએ કર્યુ હતુ અને સમાજને કે દીકરીઓને ગમે ત્યારે તેમની જરૂર હોય તો અવશ્ય મદદ કરવા કહ્યું હતું.

મુખ્ય વક્તા શ્રી દિપકભાઈ એ વિદ્વતાપૂર્ણ, પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓ અને યુવા વર્ગને જીવનમાં સફળ થવા માટે મહત્વના મુદ્દાઓ અંગે દૃષ્ટાંતપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. શ્રી દિપકભાઈએ આપણી સનાતન સંસ્કૃતિ અને ગીતાજીનું આપણાં જીવનમાં શું મહત્વ છે તે સમજાવીને પોતાના પ્રવચનની શરૂઆત કરી હતી. ગીતાજી જીવનગ્રંથ છે. શ્રી કૃષ્ણ ભગવાને ગીતાજીમાં પ્રશ્નો દ્વારા અર્જુનનું માર્ગદર્શન કર્યું હતુ, તેમ આપણે પણ હરઘડી અવલોકનો કરી જાણવાની વૃત્તિ કેળવવી જોઈએ. પોતાની જાતને પ્રશ્નો કરો, પોતાની જાતને પડકારો અને આહ્‌વાન કરો. તમારી પોતાની શક્તિ અને ક્ષમતાને જાગૃત કરો. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે, ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. શ્રી દિપકભાઈએ જણાવ્યું કે, જીવનમાં સફળ થવા અને વિકાસનાં શિખરો સર કરવા અંતઃપ્રેરણાને અનુસરો. નવીન ટેકનોલોજી અપનાવી કુશળતા અને સર્જનાત્મકતા કેળવવી જરૂરી છે. વ્યક્તિએ (Strength) પોતાની શક્તિ/ક્ષમતા, (Weakness)

# સંસ્થા દ્વારા જીપીએસસી ક્લાસિસનો શુભારંભ કરાયો

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલયનાં છાત્ર-છાત્રાઓની કારકિર્દી ઉજ્જવળ બને તે હેતુથી તા. ૩ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજથી છાત્રાલયમાં જ જીપીએસસીનાં વર્ગ-૧ વર્ગ-૨ અને વર્ગ-૩ની ક્લાસિસ શરૂ કરાયા છે, જેનો શુભારંભ છાત્ર-છાત્રાઓ તેમજ શિક્ષક દ્વારા કરવામાં આવ્યો હતો. કુમાર છાત્રાલયમાંથી ૨૨ વિદ્યાર્થીઓ તથા કન્યા છાત્રાલયમાંથી ૧૪ વિદ્યાર્થીનીઓ આ ક્લાસિસમાં જોડાઈને પોતાની કારકિર્દી ઉજ્જવળ કરવા તથા સમાજનું નામ રોશન કરવા ઉત્સાહપુર્ણ રીતે જોડાઈ છે.



પોતાની નબળાઈઓ/ક્ષતિઓ, (Opportunity) મળતી તક/મોકો અને (Threat) ભય/વિપરિત સ્થિતીને પારખવી જરૂરી છે. દરેક વ્યક્તિએ પોતાની પાસે શું છે? તે સમજી લેવું જોઈએ. હરકોઈ વ્યક્તિ પાસે બુલંદ અવાજ, વસ્ત્ર પરિધાનની સૂઝ, ભાષા પર પ્રભુત્વ, આગવી રીતભાત વગેરે હોય જ. આ બધાનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું જરૂરી છે. તેમણે જણાવ્યું કે, વર્ગખંડની તેજસ્વિતા યોગ્ય છે પણ ખરેખર જીવનમાં કે બાહ્ય જીવનમાં તમારૂ વલણ અથવા ભાવ, સકારાત્મક વ્યવહાર અને શુદ્ધ ઉચ્ચાર સાથે ભાષા પર પ્રભુત્વ ખૂબ જ ઉપયોગી છે.

શ્રી દિપકભાઈએ જ્ઞાન અંગે વાત કરતાં કહ્યું કે, જ્ઞાન હોવું અને જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરવો બંને જુદા છે. બહારથી જ્ઞાન મળે તે ટ્યુશન છે, જ્યારે અંદરથી મળે તે ઈન્ટ્યુશન (સાહજિક જ્ઞાન) છે જે જીવનમાં ઉપયોગી છે. દરેકનાં જીવનમાં પૈસો જરૂરી છે. ઈશ્વર પછી પૈસો સૌથી શક્તિશાળી છે, તેથી આર્થિક વહિવટ કુશળતા કેળવવી જોઈએ. નિર્જીવ વસ્તુઓમાં બને તેટલી કરકસર કરવી જોઈએ અને સજીવની કદર કરો. તમારા અંગત વ્યક્તિઓ અને કામદારને યોગ્ય વળતર આપો અને તેનાથી પૈસાને તમારો કમાઉ દીકરો બનાવો. જીવનમાં આગળ વધવા એક મંત્ર યાદ રાખવાનું સૂચન શ્રી દિપકભાઈએ કર્યું હતું, એ મંત્ર છે Net Working is Better Then Not Working. લોકો સાથે સંબંધ બનાવો, લોકો સાથે જોડાવ. જેટલા વધુ લોકો સાથે સંબંધ (નેટવર્કીંગ) વધારશો તેટલું વધારે મેળવશો. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાનું ખૂબ અગત્યનું સૂચન શ્રી દિપકભાઈએ કર્યું હતું. તમારા જીવનનું સુકાન, નિયંત્રણ તમારા હાથમાં રાખો. પોતાનું હોય તેનો ભાર ન લાગે. દરેક કામ કે જવાબદારી પોતાની છે તેમ સમજીને નિભાવશો તો બોઝ નહીં લાગે કે કંટાળો નહીં આવે. પણ આનંદની અનુભૂતિ થશે. ક્યારેય બીજાને દોષ ન દેશો. વળી વ્યક્તિએ સમય પાલન, સંસાધન, વ્યવસ્થાપન અને આર્થિક વ્યવસ્થામાં નિપૂણતા કેળવવાથી જીંદગીમાં અસરકારક પ્રગતિ સાધી શકાય છે.

શ્રી દિપકભાઈએ કોઈપણ વ્યવસાયને વિકસાવવા માટે બહુ જ મહત્વનાં આયામો અંગે ધ્યાન ખેંચ્યું હતું. તેમણે જણાવ્યું કે, તમારો વ્યવસાય ટેકનીશિયન કે કારીગર આધારિત ન હોવો જોઈએ, પરંતુ સિસ્ટમ આધારિત હોવો જોઈએ. કોઈને તમારા કામ માટે, વ્યક્તિની વ્યાવસાયિક નિપૂણતાના માપદંડથી લેવો જોઈએ, નહીં કે લાગણીશીલતાના આધારે. વળી જે કામ માટે નિમણૂંક કરી હોય તે કામમાં રાખો જેથી વધુ ઉત્પાદકતા લઈ શકાય. કામ પર રાખેલ વ્યક્તિને સઘન તાલીમ આપીને કાર્યક્ષમ બનાવો કે તેને ભૂલ કરવા પણ પ્રયત્ન કરવો પડે. પોતાનું પ્રવચન પુર્ણ કરતા શ્રી દિપકભાઈએ યુવાવર્ગને શીખ આપતા કહ્યું કે, હંમેશા ફ્લેક્સીબલ રહો, બાંધછોડનો અવકાશ રાખવો. હંમેશા સકારાત્મક વલણ રાખવું. તમારે તમારી જાતને વહેંચવી પડશે, વેચાઈ જશો તો ખોવાઈ જશો. જમાનાથી આગળ રહો તે માટે અપડેટેડ રહેવું.

કાર્યક્રમનું સાંજનું સત્ર કુમાર છાત્રાલય પર રાખવામાં આવ્યું હતું. આ સત્રમાં માન. શ્રી વલ્લભાઈ કાકડિયા, પૂર્વમંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને આશિર્વચનથી નવાજ્યા હતા. આ પ્રસંગે માન. શ્રી દિલીપભાઈ સંઘાણી ખાસ પધાર્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શનનાં શાબ્દિક પુષ્પો વરસાવ્યા હતા.

બંને સત્રમાં આભાર દર્શનમાં એસોસિએશનનાં ટ્રસ્ટીશ્રી, પુર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ કોઠિયાએ એસોસિએશન વતી હૃદયની ભાવનાથી સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમની અંતિમ કડી રાષ્ટ્રગીતનાં ગાન બાદ સૌએ ભોજનનો સ્વાદ માણવાની સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## ઉમદા કાર્ય : જરૂરિયાતમંદને બ્લડ ડોનેશન કરાયું

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય નજીક આવેલ ગુલબાઈ ટેકરા વિસ્તારમાં વસતા પછાત પરિવારજનોમાંથી એક વ્યક્તિને સંજોગો અનુસાર કોઈ ઘટનામાં તાત્કાલિક બ્લડની જરૂરિયાત ઉભી થઈ હતી. જેથી હોસ્ટેલનાં વિદ્યાર્થી ગૃપ દ્વારા તા. ૩૦ જુલાઈ, ૨૦૧૯નાં રોજ સિવિલ હોસ્પિટલ, અસારવા ખાતે જઈને પોતાનું કિંમતી બ્લડ ડોનેટ કરીને તે પરિવારને આ આકસ્મિક ઘડીમાં મદદ કરાઈ હતી. આ ઉમદા કાર્ય બદલ વિદ્યાર્થી ગૃપને અભિનંદન...

# કુમાર છાત્રાલયના પટાંગણમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ / બાઈક રેલી યોજાઈ







શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ રાષ્ટ્રનાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંચાલિત કુમાર છાત્રાલય ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ વડાલિયા તથા શ્રી કીરીટભાઈ વડાલિયાના હસ્તે ધ્વજવંદન કરાયુ હતું. સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરાયુ હતુ. ટ્રસ્ટી શ્રી બાબુભાઈ શેલડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને આઝાદીની અમરગાથા વર્ણવી હતી. સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી હિમ્મતભાઈ કસવાળાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયા, ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ ગઢિયા, શ્રી બાબુભાઈ વોરા, ટ્રસ્ટી શ્રી દીલીપભાઈ કોઠિયા, શ્રી ભીખુભાઈ સોજીત્રા, શ્રી મનસુખભાઈ રાજપરા, શ્રી વજુભાઈ પરસાણા, શ્રી જેરામભાઈ સાવલિયા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ હાજર રહ્યા હતા.




આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં મોટિવેશનલ સ્પીકર શ્રી રવિભાઈ ગજ્જરે ખાસ હાજરી આપીને અખંડ ભારત પર ઉદ્‌બોધન કરીને ભારતની અનેકતામાં એકતાની ગાથા વર્ણવી હતી તથા જમ્મુ-કાશ્મીરમાંથી દુર કરાયેલ કલમ-૩૭૦ અંગે પણ સૌને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે એક બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આયુ હતુ, જેનું સુચારૂ આયોજન ટ્રસ્ટી શ્રીમતી સુરેખાબેન પાદરિયાએ કર્યું હતું.

# છાત્રાલયનાં ટ્રસ્ટીશ્રીઓ-વિદ્યાર્થીઓએ રક્ષાબંધન-સ્વાતંત્ર્ય દિનનું સંયુક્ત પર્વ વૃક્ષારોપણ દ્વારા ઉજવ્યું



વર્તમાન સમયે વધતી જતી ગ્લોબલ વોર્મિંગની અસર અને તેનાથી ઉભી થતી સમસ્યાઓને અટકાવવાના ભાગરૂપે એક નાની શરૂઆત આપણાંથી થાય તેવા શુભ ઉદ્દેશ સાથે શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ રક્ષાબંધન અને પ્રજાસત્તાકનાં સંયુક્ત પર્વ નિમિત્તે વિદ્યાર્થી ગૃપ દ્વારા વૃક્ષારોપણનો સંકલ્પ કરીને છાત્રાલયની ચોતરફે વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજિત્રા સહિત ટ્રસ્ટીશ્રીઓ અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા અને સૌના સહકારથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો.



# કન્યા છાત્રાલય ખાતે પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રીમતી હંસાબેન મેસિયા અને ટ્રસ્ટી શ્રીમતી ભાવનાબેન ચોડવડિયાના હસ્તે ધ્વજવંદન કરાયુ હતુ અને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી તથા રાષ્ટ્રગાન ગવાયું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અતિથિશ્રીઓનું સ્વાગત કરાયા બાદ સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ ઉપરાંત છાત્રાલયની એક છાત્રાએ પણ પ્રવચન આપ્યુ હતું. આ પ્રસંગે અતિથિશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, છાત્રાલયના તમામ રેક્ટરો અને છાત્રાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કરાયો હતો.

# રાષ્ટ્રનાં મહિલા નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારમણ કન્યા છાત્રાલયની ખાસ મુલાકાતે પધાર્યા





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભારત સરકારનાં મહિલા નાણામંત્રી માન. શ્રીમતી નિર્મલા સિતારમણે ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે સંગઠન પર્વ ૨૦૧૯ સદસ્યતા અભિયાન અંગે તેમણે માહિતી આપી હતી તથા પ્રેરણાદાયી પ્રવચન પણ આપ્યુ હતું.

તેમણે આપણી કન્યા છાત્રાલયની વ્યવસ્થાથી અભિભૂત થઈને જણાવ્યુ હતું કે, સામાજિક સેવામાં અગ્રેસર શ્રેષ્ઠીઓ અને વરિષ્ઠ લોકોને ધન્યવાદ કે તેમણે આવી સંસ્થા ઉભી કરી, જેના લીધે સૌરાષ્ટ્ર જેવા વિસ્તારમાંથી આવીને છાત્રાઓ અહીં સુવિધા સાથે રહી શકે છે અને ભણી શકે છે. કન્યા શિક્ષણ માટે આ એક ઉત્તમ કાર્ય છે. છાત્રાલયના સંચાલનમાં માત્ર જૂજ લોકો જ પગાર પર છે, બાકીનાં લોકો સેવા કરે છે જે ખૂબ જ સરાહનિય બાબત છે. જો દરેક સમાજ તરફથી આવા પ્રયાસો થતાં રહે તો સ્ત્રી શિક્ષણમાં ભારત આગળ વધી શકે અને ૨૧મી સદી ભારતની સદી બની રહે.

તેમણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી અને સંસ્થાના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ સહિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. બાદમાં સંસ્થાની મુલાકાત લઈને સૌ છુટા પડ્યા હતા.





# છાત્રોએ કબડ્ડી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયમાં નવા સત્રથી સંસ્થા પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાના સંકલ્પથી છાત્રોનાં બૌદ્ધિક અને શારીરિક વિકાસ થાય તે હેતુથી સંસ્થામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના વર્ગો દરરોજ રાત્રે ચલાવવામાં આવે છે. જેમાં ભાગ લેતાં છાત્રોનાં અભિપ્રાયોથી જણાય છે કે, તેઓ પોતાનું બાળપણ જીવંત થયું હોવાનો અનુભવ કરી રહ્યા છે.

સંઘ દ્વારા તા. ૮ ઓગસ્ટ, ૨૦૧૯ને રવિવારના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં અમદાવાદનાં અલગ-અલગ વિસ્તારમાંથી અનેક સંસ્થાઓ અને સ્પર્ધકો ઉત્સાહ સાથે જોડાયા હતા. આ સ્પર્ધામાં કુમાર છાત્રાલયમાંથી ચાર ટીમોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કબડ્ડીની રમતને ખેલદીલીપૂર્વક માણી હતી.

# ગણેશ ચતુર્થી નિમિત્તે કુમાર છાત્રાલય ખાતે વિઘ્નહર્તા વિનાયકની મૂર્તિનું સ્થાપન કરાયું





**પ્રથમ પહેલા સમરીએ રે સ્વામી તમને સુંઢાળા...**

વર્ષ દરમિયાન આવતાં અનેક તહેવારો અહીં લોકોની જીવનશૈલી સાથે વણાયેલા છે. આવાજ એક ધાર્મિક તહેવાર ગણેશ ચતૂર્થીની શરૂઆત તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે થઈ હતી.

કોઈપણ શુભ કાર્ય કરતાં પહેલાં જેમની પૂજા કરવામાં આવે છે તથા દેવતાઓમાં પણ જેઓ અગ્ર પૂજાના અધિકારી છે તથા વિઘ્નહર્તા વિનાયકની મૂર્તિની સ્થાપનાં ગણેશ ચતૂર્થીના



પાવન દિવસે ભક્તિભાવ પૂર્વક ગણપતિ બાપ્પા મોરયાના નાદ અને નાચ-ગાન સાથે છાત્રાલય પરિસરમાં કરવામાં આવી હતી.

ત્યારબાદ પૂજા-અર્ચના કરાઈ હતી અને રાસ-ગરબાની રમઝટ પણ બોલાવાઈ હતી. જેમાં સૌ છાત્રો મનમુકીને ગરબાના તાલે ઝુમ્યા હતા. બાદમાં સૌને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

સાંજે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અંકિત ગજેરા દ્વારા પ્રમોટ કરાયેલ ગુજરાતી ફિલ્મનું પ્રમોશન વિદ્યાર્થી ભાઈઓને બતાવવામાં આવ્યુ હતું.





# લગ્ન વિષયક



નામ : પટેલ (રાદડિયા) પ્રાચી વિનોદભાઈ
સરનામું : પ્લોટ નં. ૮૫૫, સેંટ ઝેવિયર્સ ચર્ચ સામે, સેક્ટર-૮, ગાંધીનગર-382007
ફોન : (ઘર) 079-23249665
મોબાઈલ : 98250 27775, 98980 00201
ઈ-મેઈલ : vinodradadia@gmail.com
જન્મ તા. : 4-1-94 ઉંચાઈ : 5'2" વજન : 50 kg.
અભ્યાસ : B.E. (E&TC) from MIT, Pnue, MBS (Marketing) Nirma, A'bad.
મૂળ વતન : ગામ-છોડવડી, તા.ભેંસાણ, જિ.જૂનાગઢ
મોસાળ : કાપડિયા, ગામ-વડાલ, હાલ-ધોરાજી, જિ.જૂનાગઢ
પસંદગી : Post Graduate / Equivalent / Business
નોકરી/ધંધો : Senior Business Analyst in Cognizant



નામ : પટેલ (ચોસલિયા) પૂજા રાજેશકુમાર
સરનામું : બી-૪, શક્તિધારા સોસાયટી, દિનેશ ચેમ્બર્સની પાછળ, ઈન્ડિયા કોલોની રોડ, બાપુનગર, અમદાવાદ-૫૦.
ફોન : (ઘર)
મોબાઈલ : 98795 31341
ઈ-મેઈલ :
જન્મ તા. : 4-4-96 ઉંચાઈ : 5'4" વજન : 80 kg.
અભ્યાસ : બી.કોમ. - ફેશન ડિઝાઈનીંગ
મૂળ વતન : ગામ-કેરિયાચાડ, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : ધોરાજિયા, ગામ-હાથીગઢ, તા. લીલીયા, જિ.અમરેલી
પસંદગી : કોઈપણ ક્ષેત્રમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત
નોકરી/ધંધો : જોબ (USA) - હાલમાં USA ગ્રીન કાર્ડ હોલ્ડર
નોંધ : ૧૫/૯/૧૯થી એક મહિના માટે ભારત આવવનાં છે.



નામ : વડાલિયા સંજય હિંમતભાઈ
સરનામું : સુર્યરથ એપાર્ટમેન્ટ સામે, સારથી-૩, સોનલ ચાર રસ્તા, મેમનગર, અમદાવાદ
ફોન : (ઘર) US +1 984 234 8128
મોબાઈલ : 97123 86930
ઈ-મેઈલ :
જન્મ તા. : 27-2-92 ઉંચાઈ : 5'7" વજન : 67 Kg.
અભ્યાસ : M.S. (Mechanical) North Carolina State Uni., USA
મૂળ વતન : ગામ-ફાચરિયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી
મોસાળ : વેકરિયા, ગામ-કાકીડીમોલી, તા.ગીર ગઢડા, જિ.ગીર-સોમનાથ
પસંદગી : H1B ગ્રીન કાર્ડ હોલ્ડર, સીટીઝન
નોકરી/ધંધો : KBR Mechanic Engineer



નામ : પટેલ આદિત્ય જયંતભાઈ
સરનામું : ૨, સીન્ડીકેટ સોસાયટી, કેશવ બાગ વાડીની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ-13
ફોન : (ઘર) 27644851
મોબાઈલ : 99981 11951
ઈ-મેઈલ : aditya.patel0077@gmail.com
જન્મ તા. : 7-1-90 ઉંચાઈ : 6'1" વજન : 89 kg.
અભ્યાસ : માસ્ટર ઓફ પ્રોફેશનલ એકાઉન્ટીંગ એન્ડ બિઝનેસ
મૂળ વતન : ગામ-વેળાવદર, તા.જિ.ભાવનગર
મોસાળ : કુંભાણી, ગામ-બરવાળા બાવીસી, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : સંસ્કારી, સારુ ભણતર
નોકરી/ધંધો : હોબાર્ટ - તાસમાનીયા, ઓસ્ટ્રેલીયા
નોંધ : ઓસ્ટ્રેલીયાથી ૨૩/૧૦ ઈન્ડિયા આવે છે.



નામ : પીપળિયા પાર્થ પ્રફૂલભાઈ
સરનામું : ૭૬, પ્રસ્ટીજ બંગ્લોઝ, સ્મૃતિ મંદિરની બાજુમાં, પુનિતનગર રોડ, ઘોડાસર, અમદાવાદ-380 050
ફોન : (ઘર) 95584 77331
મોબાઈલ : 80004 32186
ઈ-મેઈલ : parth.patel3376@gmail.com
જન્મ તા. : 1-3-94 ઉંચાઈ : 5'8" વજન : 65 kg.
અભ્યાસ : મિકેનીકલ એન્જિનિયર
મૂળ વતન : ગામ-કેશોદ, તા.કેશોદ, જિ.જૂનાગઢ
મોસાળ : કુંભાણી, ગામ-જૂનાગઢ, તા.જિ.જૂનાગઢ
પસંદગી : હાઈ એજ્યુકેશન, સુંદર દેખાવ
નોકરી/ધંધો : પ્લાસ્ટિક બોટલ મેન્યુફેક્ચરિંગ



નામ : પટેલ (સેંજલિયા) નૃપા પિયુષભાઈ
સરનામું : ૨૧, શિવાશીષ સોસાયટી, કાલુપુર બેંકની પાછળ, બોપલ, અમદાવાદ-380 058
ફોન : (ઘર)
મોબાઈલ : 97379 84496
ઈ-મેઈલ : nrupapatel@ymail.com
જન્મ તા. : 20-7-93 ઉંચાઈ : 5'3" વજન : 50 kg.
અભ્યાસ : B. Arch (Architect)
મૂળ વતન : ગામ-નાના ભામોદરા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : ગોંડલિયા, ગામ-હનુમાનપુર, તા.ખાંભા, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ, એન્જિનિયર, બિઝનેસ
નોકરી/ધંધો : નોકરી (Architectural Designer)



નામ : કેવીન કલ્પેશભાઈ પટેલ (ભગત)
સરનામું : એ/૧૦૧, પ્રવાહ એપાર્ટમેન્ટ, નીધી કોમ્પલેક્ષ પાછળ, જજીસ બંગ્લોઝ પાસે, અમદાવાદ
ફોન : (ઘર) 26871245
મોબાઈલ : 98250 88290
ઈ-મેઈલ : kevinpatel231291@gmail.com
જન્મ તા. : 23-12-91 ઉંચાઈ : 5'6" વજન : 75 kg.
અભ્યાસ : Diploma Civil Engineer
મૂળ વતન : ગામ-અમદાવાદ
મોસાળ : વેકરિયા, ગામ-રાજકોટ
પસંદગી : Job કરતી યુવતી
નોકરી/ધંધો : As a Project Eng.



નામ : રાદડિયા કેયુર મનસુખભાઈ
સરનામું : ૮/૧૦૪, નિકોલીયન હાઈટ્સ, તોમર ગેસ સામે, જીવનવાડી, નિકોલ ગામ રોડ, અમદાવાદા
ફોન : (ઘર) 94281 22364
મોબાઈલ : 90161 73561
ઈ-મેઈલ : radadiyakeyur91@ymail.com
જન્મ તા. : 29-10-91 ઉંચાઈ : 5'10" વજન : 72 kg.
અભ્યાસ : B.E. Chemical, Post Graduate Diploma Industrial Safety (PDIS)
મૂળ વતન : ગામ-મોટા સામઢિયાળા, તા.ખાંભા, જિ.અમરેલી
મોસાળ : લક્કડ, ગામ-જાળિયા, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : Engineer, Science Field Graduate, Master & MBA
નોકરી/ધંધો : સર્વિસ

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

# લગ્ન વિષયક



નામ : વડાલિયા ઝરણા કાંતિભાઈ
સરનામું : ૭, કર્ણાવતી બંગ્લોઝ, હરિદર્શન ચાર રસ્તા, કઠવાડા રોડ, નવા નરોડા, અમદાવાદ-382 336
ફોન : (ઘર) 96626 12034
મોબાઈલ : 93279 92251
ઈ-મેઈલ : vadaliyamayank3@gmail.com
જન્મ તા. : 30-8-96 ઉંચાઈ : 5'5" વજન : 50 kg.
અભ્યાસ : Master in Pharmacy
મૂળ વતન : ગામ-અમરાપુર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : સાવલિયા, ગામ-સાજીયાવદર, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : Medical Liine (Abroad) (વિદેશ)
નોકરી/ધંધો : At Pharmacy Store



નામ : ઠુમ્મર ધ્વનિ કનુભાઈ (ગ્રીન કાર્ડ હોલ્ડર)
સરનામું : ૫૭, પથિક બંગ્લોઝ, મંગલ પાંડે હોલની બાજુમાં, વિરાટનગર-નીકોલ ગામ રોડ, અમદાવાદ-382 750
ફોન : (ઘર) 7572877708
મોબાઈલ : +1 407 - 3836769
ઈ-મેઈલ : k.g.patel55@gmail.com
જન્મ તા. : 11-11-91 ઉંચાઈ : 5'6" વજન : 58 kg.
અભ્યાસ : B.Sc. (Geology), ગુજરાત યુનિ. (સિટીઝનશીપ નજીકમાં)
મૂળ વતન : ગામ-મોટા આંકડિયા, તા.જિ.અમરેલી
મોસાળ : સાટોડિયા, ગામ-ગોંડલ, તા.ગોંડલ, જિ.રાજકોટ
પસંદગી : આઈટી/કોમ્પ્યુટર/મીકેનીકલ/ઈલે. એન્જિનિયર H1-USA
નોકરી/ધંધો : UPSમાં નોકરી



નામ : વડાલિયા મયંક કાંતિભાઈ
સરનામું : ૭, કર્ણાવતી બંગ્લોઝ, હરિદર્શન ચાર રસ્તા, કઠવાડા રોડ, નવા નરોડા, અમદાવાદ-382 336
ફોન : (ઘર) 96626 12034
મોબાઈલ : 93279 92251
ઈ-મેઈલ : vadaliyamayank3@gmail.com
જન્મ તા. : 20-9-98 ઉંચાઈ : 5'9" વજન : 75 kg.
અભ્યાસ : computer Eng.
મૂળ વતન : ગામ-અમરાપુર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : સાવલિયા, ગામ-સાજીયાવદર, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : પ્રાઈવેટ ઓફિસ



નામ : વસોયા ભૂમિકા રાજીભાઈ
સરનામું : સી-૩, ગેલેક્સી હોમ્સ, દાસ્તાન ફાર્મની સામે, એસ.પી. રીંગ રોડ, કઠવાડા, અમદાવાદ
ફોન : (ઘર) 74330 75406
મોબાઈલ : 94283 50608
ઈ-મેઈલ : vbr6491@gmail.com
જન્મ તા. : 6-4-91 ઉંચાઈ : 5'3" વજન : 51 kg.
અભ્યાસ : B.E. (E.C.) ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન
મૂળ વતન : ગામ-વાડાસડા (ઉપલેટા) તા.માણાવદર, જી.જૂનાગઢ
મોસાળ : પટોળિયા, ગામ-વડાલ, તા.જિ.જૂનાગઢ
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : ગૃહકાર્ય


## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

### કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત
### છઠ્ઠો રમતોત્સવ (તા.૨૬/૦૧/૨૦૨૦)

**છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન**

**ડ્રેસ સ્પોન્સર**
શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા
KAKA® PVC PROFILE
"Smart People, Smart Choice"
KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**
રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી
મેહુલ કાનાણી - જયરાજ કાનાણી
D. KANANI GROUP
D KANANI GROUP, AHMEDABAD

**મુખ્ય સ્પોન્સર**



વીર સાવરકર મોર્નીંગ ગ્રુપ, બાપુનગર
શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા,
શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી,
શ્રી ભરતભાઈ ભુવા,
શ્રી એન. કે. પટેલ (મામલતદાર),
શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર),
શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા
અને ગ્રુપ મેમ્બર્સ

**કો-સ્પોન્સર**
ARYA FINANCIAL SERVICES
Aarya Group
*Home Loan,*
*Mortgage Loan,*
*Machinary Loan,*
*Project Loan, OD/CC Loan*
436-440, Royal Arcade, Sarthana Jakat Naka, Varachha Road, Surat. Mo. 98795 31183

**કો-સ્પોન્સર**
TRIRANGA INFRA, AHMEDABAD
સુજીતકુમાર પટેલ (સાવલિયા)
ભુતપૂર્વ વિદ્યાર્થી - કુમાર છાત્રાલય
રીનાબેન સુજીતકુમાર સાવલિયા
ભુતપૂર્વ વિદ્યાર્થી - કન્યા છાત્રાલય

તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.